सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૧૦/૨૦૨૨ | | |
| રજીસ્ટર તારીખ | ૦૬/૧૦/૨૦૨૨ | | |
| નિકાલ તારીખ | ૧૧/૧૦/૨૦૨૨ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૪ |

**રાજકોટના મહે. સ્પે. જજ (જી.ઈ.બી.) અને ૯મા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૯૨૪/૨૦૨૨**

**આંક–૬**

**અરજદાર/ આરોપી**

**છછર અમન યુનુસભાઈ,**
ધર્મે–મુસ્લીમ, ઉ.વ.–૨૧, ધંધો–મજુરી,
રહે. મુ.ન્યારા, તા.પડધરી, જિ.રાજકોટ.

**વિરૂધ્ધ**

**સામાવાળા**

**શ્રી સરકાર**

**બાબત: ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જામીન અરજી**

---

**અરજદાર તરફે :– વિધ્વાન વકીલ શ્રી પી.કે.વઘેરા**
**સામાવાળા તરફે :– વિધ્વાન એ.પી.પી. શ્રી કે.બી.ડોડીયા**

---

૯મા એડી.સેશન્સ જજ,
રાજકોટ.

## – ચુ કા દો –

(૧) આ કામના અરજદાર/આરોપીને જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૭૧૩/૨૦૨૨ થી ધી ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે અટક કરેલા ત્યારથી અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમાં કેદમાં હોય અરજદાર/આરોપી દ્વારા રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ અન્વયે હાલની આ અરજી દાખલ કરેલી છે.

(૨) જામીન અરજીની નોટીસ સામાવાળા સરકારશ્રીને બજતા એ.પી.પી.શ્રી હાજર થયેલા છે અને ત.ક. અધિકારીનું સોગંદનામું આંક–૪ થી રજૂ કરેલું છે.

(૩) અરજદાર/આરોપી તરફે તેમના વિદ્વાન વકીલશ્રીની તેમજ સામાવાળા સરકારશ્રી તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૪) અરજદાર/આરોપી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે. અરજદારે કોઈ વીજચોરીનો ગુનો કરેલો નથી. તેમ છતાં પોલીસે અરજદાર/આરોપીને ખોટીરીતે ગુનાના કામે સંડોવી દીધેલા છે. વધુમાં પી.જી.વી.સી.એલ.ની અરજદાર પાસે જે કાંઈ રકમ લેણી બાકી છે તે રકમ કોર્ટમાં ભરપાઈ કરી આપેલ છે. અરજદાર–આરોપીનો કોઈ ગુનાહિત ભુતકાળ નથી તેમ છતાં પી.જી.વી.સી.એલ.ના અધિકારી દ્વારા અરજદાર–આરોપી વિરૂદ્ધ ખોટી ફરિયાદ દાખલ કરવામાં આવેલી છે. અરજદાર/આરોપી રાજકોટ જિલ્લાના કાયમી રહેવાસી છે, કુટુંબ પરિવાર ધરાવે છે, કયાંય નાસી ભાગી જવાની કોઈ શકયતા નથી, તેમજ જામીન મુકત કરતી વખતે નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવાની ખાતરી આપતા હોય અરજદાર/આરોપીને યોગ્ય રકમના રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

(૫) સરકારશ્રી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલી છે કે,

અરજદાર/આરોપી વિરૂદ્ધ વીજચોરીનો ગુનો છે. હાલના ગુના ઉપરાંત બીજા વીજચોરીના ગુનાઓ પણ નોંધાયેલા છે તે સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન મુકત કરતા ફરી આવા પ્રકારનો ગુનો કરવા માટે પ્રોત્સાહન મળે તેમ છે. વધુમાં હાલના ગુનામાં અરજદાર–આરોપીએ વીજચોરી બીલની રકમ કોર્ટમાં જમા કરાવી દીધેલ છે. પરંતુ તેમ છતાં અરજદાર–આરોપી વિરૂદ્ધનો ગુનો ગંભીર હોય, અરજદાર–આરોપી ફરીથી ગુનો ન કરે તેવા હેતુસર જામીન અરજી નામંજુર કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

(૬) જામીન અરજી, તે સાથે રજુ દસ્તાવેજો, ત.ક.અધિકારીનું સોગંદનામુ તથા તપાસના પેપર્સ વંચાણે લીધા. બન્ને પક્ષકારોના વિ.વકિલશ્રીઓની દલીલો રૂબરૂ સાંભળી. એફ.આઈ.આર. તથા તપાસના પેપર્સ વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂદ્ધ રૂ૦ ૧,૮૧૧.૩૪ પૈસાનો વીજચોરીનો ગુનો દાખલ થયેલો છે. કેસની ટ્રાયલ ચાલતા અને તેનો ગુણ–દોષ પર નિર્ણય થતા ઘણોં સમય લાગે તેમ છે. વધુમાં અરજદાર/આરોપી તરફે વીજચોરી બીલની રકમ પી.જી.વી.સી.એલ.માં ભરપાઈ કરી આપેલાનું જણાઈ આવે છે. વધુમાં અરજદાર/આરોપી રાજકોટ જિલ્લાના કાયમી રહીશ છે, કુટુંબ પરિવાર ધરાવે છે નાસી ભાગી જવાની શક્યતા જણાઈ આવતી નથી. તેમજ અરજદાર–આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવાનો બાકી હોવાનું પણ જણાઈ આવતુ નથી. અરજદાર–આરોપી વિરૂદ્ધના ગુનામાં વધુમાં વધુ ત્રણ વર્ષની સજા અથવા દંડ અથવા બન્નેની જોગવાઈ થયેલી છે. કેસની ટ્રાયલ ચાલતા અને તેનો ગુણ–દોષ પર નિર્ણય થતા ઘણોં સમય લાગે તેમ છે તે સંજોગોમાં આરોપી મજુર વર્ગના ગરીબ માણસ હોવાનું અને કુટુંબ પરિવાર ધરાવતા હોવાનું જણાઈ આવે છે. જામીન મુકત નહીં કરવાથી આરોપીના પરિવારને પારાવાર મુશ્કેલી અને પરેશાની થાય તેમ હોવાનું જણાઈ આવતુ હોય, આરોપી દર મુદ્તે હાજર રહેવાની ખાતરી આપતા હોય માટે આરોપીની રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટેની આ અરજી મંજુર કરવી વ્યાજબી જણાઈ આવતી હોય નીચે મુજબ આખરી હુકમ કરુ છું.

**:: હુ ક મ ::**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ અન્વયેની અરજદાર/આરોપીની આ રેગ્યુલર જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

અરજદાર/આરોપી **છછર અમન યુનુસભાઈ,** ધર્મે–મુસ્લીમ, ઉ.વ.–૨૧, રહે. મુ.ન્યારા, તા.પડધરી, જિ.રાજકોટ વાળા ને રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના જામીન અને તેટલીજ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૭૧૩/૨૦૨૨ મુજબના ગુનાના કામમાં નીચેની શરતોને આધિન જામીન મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

**શ ર તો**

૧. અરજદાર–આરોપીએ હવે પછીની દર મુદ્તે કોર્ટમાં હાજર રહેવું અને કેસ ચલાવવામાં સહકાર આપવો.

૨. અરજદાર–આરોપીએ ફરીથી કોઈ ગુનાહિત કૃત્ય કરવું નહીં.

૩. અરજદાર–આરોપીએ તેનું રહેઠાણનું કાયમી સરનામુ આધાર પુરાવા સાથે અત્રેની કોર્ટમાં રજુ કરવું.

– જામીન અત્રેની કોર્ટમાં આપવા.

– આ હુકમ આજ તા.૧૧, માહે–ઓક્ટોબર, સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા. ૧૧/૧૦/૨૦૨૨

(એચ.એમ.અંજારીયા –પી.એ.)

**(જયેશકુમાર ઈશ્વરલાલ પટેલ)**
સ્પે. જજ(જી.ઈ.બી.) અને
૯મા એડી.સેશન્સ જજ,
રાજકોટ.
(કોડ નં. જી.જે.૦૦૬૪૬)